## શ્લોક : ૨

## યમુનાજીનું ઉદ્‌ગમ અને ભૂતલ તરફ પ્રયાણ

**કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જવલા**
**વિલાસગમનોલ્લસત્ પ્રકટગણ્ડ શૈલોન્નતા ।**
**સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા**
**મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ।।૨।।**

શબ્દાર્થ : **કલિન્દ** = એ નામનો પર્વત, **ગિરિ** = પર્વત, **મસ્તકે** = માથા પર (અહી પર્વતના શિખર પર), **પતત્** = પડતાં, **અમન્દ** = મોટા, જોરદાર, **પૂરોજ્જવલા** = પ્રવાહને લીધે ઉજ્જવલ દેખાતાં, **વિલાસગમનોલ્લસત્** = વિલાસ પૂર્વક્ અ ગતિ વડે શોભતાં, **પ્રકટ** = સ્પષ્ટ, **ગણ્ડશૈલો** = પર્વતના શિખરો, **ઉન્નતા** = ઊંચા, **સઘોષ** = અવાજ સહિત, **ગતિદન્તુરા** = આડી અવળી ગતિવાળા, **સમધિરૂઢ** = બિરાજેલા, **દોલોત્તમા** = ઉત્તમ પાલખી (ઝૂલો), **મુકુંદરતિવર્ધિની** = મુકુન્દ પ્રભુ પર ભક્તની પ્રિતિ વધારનારા, **જયતિ** = વિજય પામે છે, **પદ્મબન્ધોઃ** = કમળના ભાઈની, સૂર્યની, **સુતા** = પુત્રી (સૂર્યપુત્રી શ્રી યમુનાજી).

ભાવાર્થ : કલિન્દ પર્વતના શિખર પર પડતા મોટા ધોધને લીધે ઉજ્જવલ દેખાતા, વિલાસ પૂર્વક ગતિ વડે શોભતા, પર્વતના ઊંચા અને સ્પષ્ટ દેખાતા શિખરો પરથી વહેવાના કારણે ઊંચા દેખાતા, ખડખડ ધ્વનિ સાથે વહેવાના કારણે આડીઅવડી ગતિવાળા, જાણે ઊંચી પાલખીમાં (અથવા તો ઊંચા ઝૂલામાં) બિરાજ્યા હોય એવા અને શ્રી મુકુન્દ પ્રભુમાં ભક્તોની પ્રીતિને વધારનારા (અથવા ભક્તોમાં શ્રી મુકુન્દ પ્રભુની પ્રીતિ વધારનારા) એવા સૂર્ય પુત્રી શ્રી યમુનાજી વિજય પામે છે (પ્રયાણ કરે છે).

મા ! સૂર્યમંડળ છોડીને બહુ વેગથી આવી રહ્યા
ત્યાં કાલિન્દીના શિખર ઉપર શોભા અતી સુંદર દિસે
એ વેગમાંમ પથ્થર ઘણા હરખાઇને ઉછળી રહ્યાં
ને આપ પણ ઉલ્લાસ પૂર્વક ઉછળતા શોભી રહ્યાં
હરિ હેતના ઝૂલા ઉપર જાણે વિરાજ્યા આપ હો
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો ।।૨।।



कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला । विलासगमनोळसत्प्रकटगण्ड शैलोन्नता ।।
सघोषगतिदन्तुरा समधिरूढदोलत्तमा । मुकुन्दरतिवर्द्धिनी जयति पद्मबन्धोः सुता ।।२।।
सूर्यमण्डल में स्थित प्रभुके हृदय से रस रुप प्रगट होकर फिर कलिन्द पर्वत के शिखर पर गिरते हुए अत्यंत प्रवाहों से उज्ज्वल विलास सहित चलने से सुन्दर और उत्तम शिलाओं से उन्नत तथा ध्वनि सहित गमन से ऊँची-नीची होती हुई अर्थात् उत्तम झूले में बिराजित हुई सी दिखती हुई एवम् श्रीकृष्णचन्द्र में प्रीति बढ़ाने वाली सूर्यपुत्री श्री यमुनामहाराणीजी की जय होवे ।।२।।